અફઘાન સંસદ પર ભીષણ હુમલો

હુમલા બાદ તમામ સાત ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારાયા

કાબૂલ,તા. ૨૨

અફઘાનિસ્તાનમાં આજે સંસદ ઉપર ભીષણ આતંકવાદી હુમલો કરવામાં આવ્યો હતો જેમાં એક માસૂમ બાળક સહિત પાંચ લોકોના મોત થયા છે જ્યારે હુમલાને અંજામ આપનાર તમામ સાત આતંકવાદીઓને લશ્કરી કાર્યવાહી કરવામાં આવ્યા બાદ મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. આ હુમલામાં ૩૧ નાગરિકો ઘાયલ થયા છે જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. આજના હુમલા બાદ કાબૂલ અને અન્ય કોન્સ્યુલેટમાં ભારતીય મિશન ખાતેની સુરક્ષા મજબૂત કરવામાં આવી છે. સાથે સાથે હાઈએલર્ટની જાહેરાત પણ કરવામાં આવી હતી. તાલિબાની ત્રાસવાદીઓએ સંસદને ઘેરી લઈને હુમલાને અંજામ આપ્યો હતો. જો કે, મોડેથી સુરક્ષા દળોએ સમગ્ર ઓપરેશનને હાથ ધરીને તમામ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. અફઘાનિસ્તાનના ગૃહમંત્રાલયના પ્રવક્તા શાદીક સિદ્દીકીએ માહિતી આપતા કહ્યું છે કે, તમામ બંદૂકધારીઓને મોતને ઘાટ ઉતારી દેવાયા છે. સુરક્ષા દળો દ્વારા ઓપરેશનને પૂર્ણ કરી લેવાયું છે. જો કે, હુમલાખોરોના સંદર્ભમાં હજુ વિરોધાભાષી આંકડા મળી રહ્યા છે. સંસદીય વિસ્તારમાં અન્ય એક પ્રચંડ હુમલો પણ કરવામાં આવ્યો હતો. કાબૂલ પોલીસ વડાએ કહ્યું છે કે, તમામ સાત તાલિબાની ત્રાસવાદીઓ માર્યા ગયા છે. પ્રથમ બ્લાસ્ટ કારથી કરવામાં આવ્યો હતો જે આત્મઘાતી હુમલો હતો. ત્યારબાદ તાલિબાની બંદૂકધારીઓ બ્લાસ્ટ કરીને નજીકની ઈમારતમાં ઘુસી ગયા હતા. બ્લાસ્ટના સમયે

વોલેસી જિરગાની અંદર રહેલા સાંસદ હારીફ રહેમાનીએ કહ્યું હતું કે, સાંસદોને આ હુમલામાં ઈજા પણ થઈ છે. સંસદ પર હુમલાને લઈને થોડાક દિવસ પહેલા જ ચેતવણી જારી કરાઈ હતી. આજના હુમલામાં ૩૧ લોકો ઘાયલ થયા છે જે પૈકી પાંચ મહિલાઓ અને ત્રણ બાળકોનો સમાવેશ થાય છે. સાંસદોને ઝડપથી સંસદની બહાર સુરક્ષાપૂર્વક કાઢવામાં આવ્યા હતા. બીજી બાજુ તાલિબાને આ હુમલાની જવાબદારી સ્વીકારી લીધી છે અને કહ્યું છે કે, અમારા લોકો દ્વારા આ હુમલો કરાયો છે. તાલિબાની ત્રાસવાદીઓ અને અફઘાનિસ્તાનના સુરક્ષા જવાનો વચ્ચે જોરદાર સામસામે ગોળીબારની રમઝટ જામી હતી. હુમલાના સમયે સંસદથી સીધુ પ્રસારણ ચાલી રહ્યું હતું. સાંસદોને ઈમારતોમાંથી બહાર નિકળતા પણ દર્શાવવામાં આવ્યા હતા. અહેવાલ મુજબ હુમલો કરવામાં આવ્યો ત્યારે સંસદ સત્ર ચાલી રહ્યું હતું. સ્પીકર પોન્ડિયમમાં હતા. તે જ વખતે કેમેરો હચમચી ઉઠ્યો હતો અને બ્લાસ્ટના અવાજ સંભળાયા હતા. કાબૂલ પોલીસ દળોએ મોરચા સંભાળી લીધા હતા. છથી વધુ બ્લાસ્ટ થયા હતા.

ઇડીના અધિકારીઓ દ્વારા સપાટો બોલાવાયો

છગન ભુજબળના આવાસ અને ઓફિસો ઉપર દરોડા

મુંબઈ,તા. ૨૨

એનસીપીના વરિષ્ઠ નેતા છગન ભુજબળની ઓફિસ અને આવાસ ઉપર આજે ઇડી દ્વારા વ્યાપક દરોડા પાડવામાં આવ્યા હતા. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ટીમ આજે સવારથી જ છગન ભુજબળ સાથે સંકળાયેલા આવાસ અને ઓફિસો પર એક સાથે તપાસ હાથ ધરી હતી. અગાઉ ઇડી દ્વારા છગન ભુજબળ અને અન્યો સામે બે ઇકોનોમિક કેસ પણ દાખલ કરવામાં આવ્યા હતા. મની લોન્ડરિંગ અટકાયત ધારા હેઠળ આ કેસ દાખલ કરાયા હતા. પૂર્વ પીડબલ્યુડી પ્રધાન કહી ચુક્યા છે કે, તેમને ટાર્ગેટ બનાવવામાં આવી રહ્યા છે. ભાજપ અને શિવસેના સરકાર તેમની સામે પગલા લઈ રહી છે. જ્યારે બીજી બાજુ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે કહ્યું છે કે, એનસીપીના નેતા છગન ભુજબળ સામે દાખલ કરવામાં આવેલા એફઆઈઆરમાં કોઈપણ રાજદ્વેષ રાખવામાં આવ્યો નથી. કાયદા મુજબ તપાસ ચાલી રહી છે. મહારાષ્ટ્રમાં અન્ટી કરપ્શન બ્યુરો દ્વારા નોંધવામાં આવેલા કેસ બાદ આ તપાસ ચાલી રહી છે. ભ્રષ્ટાચાર અને આવકના જાણિતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિ કેસના સંદર્ભમાં ભુજબળ અને અન્ય ૧૪ સામે કેસ દાખલ કરવામાં આવ્યો હતો. ફરિયાદ દાખલ કરવામાં આવ્યા બાદ એસીબીએ ભુજબળ અને તેમના પુત્ર પંકજ સામે એફઆઈઆર દાખલ કરી હતી. ગયા વર્ષે મુંબઈ હાઈકોર્ટના આદેશ બાદ કાર્યવાહી હાથ ધરાઈ હતી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના અધિકારીઓ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં કોઈ દસ્તાવેજો કે કોઈ વાંધાજનક વસ્તુ મળી છે કે કેમ તે સંદર્ભમાં હજુ સુધી કોઈ માહિતી મળી શકી નથી પરંતુ નવી દિલ્હીમાં મહારાષ્ટ્ર સદન કૌભાંડના સંદર્ભમાં છગન ભુજબળ અને તેમના પુત્ર પંકજ સામે આક્ષેપો થઈ રહ્યા છે. કરોડોની સંપત્તિના મામલામાં તેઓ મુશ્કેલીમાં ફસાયા છે. ઇડી દ્વારા દિન પ્રતિદિન વધુ તપાસ કરી રહી છે. ભુજબળ અને અન્ય ૧૪ લોકો હાલ સકંજામાં છે.

વિરાટ કોહલીએ ૧૩ મેચમાં માત્ર ૩૩૦ રન કર્યા : રિપોર્ટ

મીરપુર,તા. ૨૨

ભારતના સ્ટાર ખેલાડી વિરાટ કોહલીના સતત ફ્લોપ શોના કારણે હવે તેની સામે વર્લ્ડ કપની જેમ જ પ્રશ્ન ઉઠી રહ્યા છે. દરેક મેચમાં તે જે રીતે સસ્તામાં આઉટ થઈને પેવેલિયન ભેગો થઈ રહ્યો છે તે જોતા ચાહકોને લાગે છે કે ટીમના ખેલાડી બે વર્ગમાં હવે વહેચાઈ ગયા છે. વિરાટ કોહલી જાણી જોઈને સસ્તામાં આઉટ થઈ રહ્યો છે. વિરાટ કોહલી ખરાબ દેખાવ કરી રહ્યો છે જેથી મહત્વની મેચોમાં ભારતની હાર થઈ રહી છે. અલબત્ત તેના એકલાના દેખાવના કારણે ટીમ હારી રહી નથી. તમામ બેટ્સમેનો ફ્લોપ સાબિત થઈ રહ્યા છે. ભારત સામે બાંગલાદેશે શરૂઆતની બન્ને મેચો જીતીને નવો ઈતિહાસ રચ્યો છે. વિરાટ કોહલી અને ધોની વચ્ચે ખેંચતાણ હોવાના સંકેત પણ દેખાઈ રહ્યા છે. ગઈકાલે પણ તે ૨૩ રને આઉટ થઈ ગયો હતો. વિરાટ કોહલી ટેસ્ટ કેપ્ટન બન્યા બાદ ૧૩ વનડે મેચમાં માત્ર ૩૩૦ રન કરી શક્યો છે. તેની સરેરાશ માત્ર ૨૫.૩૮ રનની રહી છે. જો કે તેની કેરિયરમાં સરેરાશ ૫૧.૦૭ રનની રહી છે. આ ગાળા દરમિયાન તે માત્ર એક સદી કરી શક્યો છે. આની પણ વધારે શરમજનક બાબત એ છે કે તે ચાર વખત તો બે આંકડામાં પણ પહોંચી શક્યો નથી. આવી સ્થિતીમાં ખેંચતાણના સ્પષ્ટ સંકેત મળે છે. વિરાટ કોહલી હાલમાં બિનજવાબદારીપૂર્વકની બેટિંગ કરી રહ્યો છે તે બાબત ક્રિકેટ ચાહકો પણ કરી રહ્યા છે. વિરાટ કોહલીને પણ દેખાવ સુધારવા માટે ઠપકો આપવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. બાંગલાદેશ સામે ભારતે વનડે શ્રેણી ગુમાવી દીધા બાદ ક્રિકેટ ચાહકો ટીમના ખેલાડીના દેખાવથી ભારે નાખુશ છે. રોહિત શર્મા, સુરેશ રેના અને અન્ય મિડલ ઓર્ડરના તમામ બેટ્સમેનોનો પણ ફ્લોપ શો રહ્યો છે.

સોનિયા ગાંધીએ પણ હુમલાની નિંદા કરી

અફઘાન સંસદ પર હુમલો કાયરતાપૂર્વકનું કૃત્ય : મોદી

કાબૂલ,તા. ૨૨

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અફઘાનિસ્તાન સંસદ પર કરવામાં આવેલા હુમલાને કઠોર શબ્દોમાં વખોડી કાઢીને આની ઝાટકણી કાઢી છે. નરેન્દ્ર મોદીએ હુમલાને વખોડી કાઢીને આને કાયરતાપૂર્વકના કૃત્ય તરીકે ગણાવ્યું છે. તેમણે વધુમાંકહ્યું છે કે, અફઘાનિસ્તાન સરકાર સાથે ભારત હંમેશા મજબૂત સંબંધ સાથે તૈયાર છે. અફઘાનિસ્તાનના લોકો સાથે ખભેથી ખભા મિલાવવા ભારત તૈયાર છે. અફઘાનિસ્તાન સંસદ પર કરાયેલા હુમલાના સમાચાર ફેલાતાની સાથે જ સનસનાટી મચી ગઈ હતી. પાકિસ્તાને પણ આ હુમલાને વખોડી કાઢીને આની ટિકા કરી છે. અફઘાનિસ્તાનમાં સંયુક્ત રાષ્ટ્ર સહાય મિશને પણ હુમલાને વખોડી કાઢીને લોકશાહી પર હુમલા તરીકે ગણાવ્યું છે. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ અફઘાનિસ્તાનના સંસદ ઉપર કરાયેલા હુમલાની ટીકા કરીને કહ્યું છે કે, લોકશાહી વ્યવસ્થાને તોડી નાંખવા માટેના પ્રયાસો કરવામાં આવ્યા છે. સમગ્ર વિશ્વમાં આ હુમલાની નિંદા થઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અફઘાનિસ્તાનમાં આ પ્રકારના હુમલાઓ હંમેશા થતાં રહ્યા છે. ભુતકાળમાં પણ અફઘાનિસ્તાનમાં ઘણા હુમલાઓ થઈ ચુક્યા છે જેમાં મોટી સંખ્યામાં લોકોના મોત પણ થયા છે. અફઘાનિસ્તાનમાં હંમેશા યુદ્ધ જેવી સ્થિતિ રહી છે. જેમાં વિકાસની ગતિવિધિ રોકાઈ ગઈ છે. અફઘાનિસ્તાન હુમલાને લઈને વિશ્વભરમાં આકરી પ્રતિક્રિયા આવી રહી છે. દરમિયાન એક એહવાલમાં જણાવવામાં આવ્યું છે કે, વર્ષ ૨૦૦૧ના અમેરિકાના નેતૃત્વમાં કાર્યવાહી બાદથી અફઘાનિસ્તાનમાં યુદ્ધમાં ૧૦૦૦૦૦ જેટલા લોકોના મોત થઈ ચુક્યા છે. તાલિબાની શાસનને ઉથલાવી દેવા માટે અમેરિકાએ ૨૦૦૧માં કાર્યવાહી હાથ ધરી હતી. એક લાખ લોકોના મોતની સાથે સાથે આટલા જ લોકો ઘાયલ પણ થયા છે. કોસ્ટ ઓફ વોરના હેડિંગ સાથે આ અહેવાલ પ્રકાશિત કરાયા છે જેમાં આંકડા અપાયા છે.

સતત ત્રણ દિવસથી ભારે વરસાદના પરિણામે હાલત કફોડી

ભારે વરસાદ બાદ તેલંગાણા અને આંધ્રપ્રદેશમાં પણ હવે પુરનું સંકટ

હૈદરાબાદ ,તા. ૨૨

તેલંગાણા અને આંધ્રપ્રદેશના વિવિધ ભાગોમાં હવે પુરનું સંકટ તોળાઈ રહ્યું છે. ભારે વરસાદ જારી રહેવાના કારણે આ બંને તેલુગુ રાજ્યોમાં લોકોની હાલત કફોડી બની ગઈ છે. આજે સતત ત્રીજા દિવસે બંને રાજ્યોમાં ભારે વરસાદ જારી રહ્યો હતો. ગોદાવરી નદીમાં પાણીની સપાટી ચિંતાજનકરીતે વધી ગઈ છે. બંને રાજ્યોમાં ડઝન જેટલા ગામોનો સંપર્ક કપાઈ ગયો છે. તેલંગાણાના ખમ્મામ જિલ્લામાં અને આંધ્રપ્રદેશમાં પૂર્વીય ગોદાવરી જિલ્લામાં સંપર્ક તુટી ગયો છે. કારણ કે ગોદાવરી અને તેની સહાયક નદીઓમાં પાણીની સપાટી ચિંતાજનક સ્તર ઉપર પહોંચી ગઈ છે. પ્રાપ્ત અહેવાલ મુજબ આજે હમ્મામ જિલ્લામાં આજે ભદ્રાચલન ખાતે ગોદાવરીમાં પાણીની સપાટી વધીને ૩૭ ફૂટ ઉપર પહોંચી ગઈ હતી જેથી નદી કિનારેના મોટી સંખ્યામાં ગામો સકંજામાં આવી ગયા છે. મહારાષ્ટ્ર અને છત્તીસગઢમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. હવામાન વિભાગે હજુ ભારે વરસાદની આગાહી કરેલી છે. જિલ્લાઓમાં ઘણા સરોવર અને નદીઓ હાઉસફુલ થઈ ગઈ છે. કારણ કે સતત ત્રણ દિવસથી ભારે વરસાદ થઈ રહ્યો છે. છત્તીસગઢમાં ભારે વરસાદના પરિણામ સ્વરુપે તેની સીધી અસર ખોદાવરી નદી પર ઈ છે. તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવી ચુક્યા છે. ખમ્મામમાં પાણીની સપાટી એકાએક વધી જતાં આંધ્રપ્રદેશના પૂર્વીય ગોદાવરી જિલ્લાના વિસતારોમાં પાણીની સપાટીને લઈને તંત્ર ચિંતાતુર છે. પૂર્વીય ગોદાવરી જિલ્લાના કલેક્ટર અરુણ કુમારે એલર્ટ રહેવા લોકોને કહ્યું છે. સાથેસાથે લોકોને સહકાર આપવા માટે પણ કહેવામાં આવ્યું છે. પૂર્વીય ગોદાવરીના ઘણા વિસ્તારો સકંજામાં આવી ગયા છે. પાકને પણ ભારે નુકસાન થયું છે. ક્રિષ્ના નદીમાં પણ સતત વરસાદથી પાણીની સપાટી એકાએક વધી ગઈ છે. આંધ્રપ્રદેશના ક્રિષ્ના જિલ્લામાં પ્રકાશમ બેરેજ ખાતે પાણીની સપાટીમાં વધારો થયો છે. જેથી સત્તાવાળાઓને ૨૧૦૦૦ ક્યુસેક પાણી છોડવા માટે ૩૦ ગેટ ખોલવાની ફરજ પડી છે. સાયક્લોન વોર્નિંગ સેન્ટરના જણાવ્યા મુજબ વિશાખાપટ્ટનમમાં પ્રચંડ પવન ફુંકાઈ રહ્યા છે. માછીમારોને દરિયા ન જવા કહેવામાં આવ્યું છે. ઘણી જગ્યાઓએ ચેતવણી આપતા સિગ્નલો પણ મુકવામાં આવ્યા છે.

આંતરરાષ્ટ્રીય સરહદ પર પાકનો ભીષણ ગોળીબાર : સ્ફોટક સ્થિતિ

જમ્મુ ,તા. ૨૨

પાકિસ્તાની સેનાએ જમ્મુ જિલ્લાના આરએસપુરા સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર ભારતીય ચોકીઓને ટાર્ગેટ બનાવીને આજે વહેલી પરોઢે ભીષણ ગોળીબાર કર્યો હતો. જેના પરિણામસ્વરૂપે સ્થિતી વિસ્ફોટ રહી હતી. પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબારનો બીએસએફ દ્વારા પણ જડબાતોડ જવાબ અપાયો હતો. આ ગોળીબાર ઘરાના વેટલેન્ડ બર્ડ રિઝર્વના વિસ્તારમાં થયો હતો જ્યાં વિશ્વભરમાંથી જુદા જુદા સ્થળથી બહારથી પક્ષીઓ શિયાળાની સિઝનમાં આવી પહોંચે છે.પાકિસ્તાન છેલ્લા કેટલાક દિવસથી ખરતનાક ઈરાદા સાથે ગોળીબાર કરી રહ્યું છે. ત્રાસવાદીઓને ઘુસાડી દેવાના તેના પ્રયાસ જારી છે. આજે સવારે ૩.૩૦ વાગ્યાની આસપાસ ગોળીબાર કરવામાં આવ્યો હતો. જમ્મુ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર પાકિસ્તાની સૈનિકોએ ફરી એકવાર ગોળીબાર કરીને તંગદિલી વધારી દેવાના પ્રયાસો કર્યા હતા. આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર વારંવાર પાકિસ્તાની સેના દ્વારા ગોળીબાર કરવામાં આવે છે જેથી સ્થિતિ હંમેશા તંગ રહે છે. આ વર્ષે પણ પાકિસ્તાને અનેક વખત યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કર્યો છે. આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવેલા ગોળીબાર અંગે ટોચના અધિકારીઓએ કોઈ પ્રતિક્રિયા આપી નથી પરંતુ જાણવા મળ્યું છે. આ સંદર્ભમાં ટોચના સ્તરે રજૂઆત કરવામાં આવશે. આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશરેખા ઉપર પાકિસ્તાની સૈનિકો દ્વારા વારંવાર ગોળીબાર કરવામાં આવે છે.ગઈકાલે પણ પાકિસ્તાની સૈનિકોએ આંતરરાષ્ટ્રીય સરહદના અરણિયા વિસ્તારમાં પિન્ડી ખાતે બીએસએફની ચોકી ઉપર ગોળીબાર કર્યો હતો. બીએસએફની ચોકીને ટાર્ગેટ બનાવીને આ ગોળીબાર કરવામાં આવ્યો છે. ભારત તરફથી પણ ઘણી વખત જવાબી કાર્યવાહી કરવામાં આવી છે. બંને દેશો એકબીજા ઉપર ઘુસણખોરોને લઈને આક્ષેપબાજીમાં વ્યસ્ત રહે છે અને અસ્થિતરતા ફેલાવવાનો પણ આક્ષેપ કરાયો છે જો કે, સરહદ પારથી આતંકવાદીઓને ઘુસાડવાના હેતુસર વારંવાર પાકિસ્તાની સેના દ્વારા ગોળીબાર કરવામાં આવે છે તે બાબત સાબિત થઈ ચુકી છે. પાકિસ્તાનમાં આતંકવાદી કેમ્પ પણ ચાલી રહ્યા છે. સામસામે ગોળીબાર કલાકો સુધી ચાલ્યો હોવા છતાં કોઈપણ પક્ષે કોઈપણ નુકસાન થયું ન હતું.

સુનંદા હત્યા કેસમાં છ લોકો ઉપર પોલીગ્રાફ ટેસ્ટ કરાયા

નવી દિલ્હી,તા. ૨૨

સુનંદા પુષ્કર હત્યા કેસના સંદર્ભમાં એક પછી એક નવી વિગતો સપાટી ઉપર આવી રહી છે. દિલ્હી પોલીસ કમિશનર બીએસ બસ્સીએ આજે માહિતી આપતા કહ્યું હતું કે, સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમ (સીટ) દ્વારા સુનંદા પુષ્કરના પ્રકરણના સંદર્ભમાં છ લોકો ઉપર પોલીગ્રાફ ટેસ્ટ કરવામાં આવી ચુક્યા છે. બસ્સીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, અમારી તપાસ યોગ્ય દિશામાં આગળ વધી રહી છે. તપાસ દરમિયાન જે કંઈ પણ જરૂરી છે તે પગલા લેવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, હજુ સુધી છ લોકો ઉપર પોલીગ્રાફ ટેસ્ટ કરવામાં આવી ચુક્યા છે. જો વધુ જરૂર હશે તો વધુ ટેસ્ટ પણ કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, હજુ સુધી અમારી તપાસ અમે આગળ વધારી રહ્યા છીએ. આ ટેસ્ટના અહેવાલ હજુ જારી કરવામાં આવ્યા નથી. અત્રે નોંધનીય છે કે, વર્ષ ૨૦૧૦માં કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી શશી થરુર સાથે સુનંદાએ લગ્ન કર્યા હતા. આ લોકો ચાણક્યપુરી વિસ્તારમાં લીલા હોટેલમાં એક વખતે રોકાયા હતા. તેના મોતના એક દિવસ પહેલા શશી થરુર અને સુનંદા ચાણક્યપુરીમાં આવેલી ફાઈવ સ્ટાર હોટલમાં રોકાયા હતા. ૧૭મી જાન્યુઆરી ૨૦૧૪ના દિવસે સુનંદા હોટલ રૂમમાં મૃતહાલતમાં મળી આવી હતી. તેના મોત પહેલા સુનંદાની પાકિસ્તાની પત્રકાર મહેર તરાર સાથે જોરદાર બોલાચાલી સોશિયલ મિડિયા ઉપર થઈ હતી. સમગ્ર મામલામાં શશી થરુરની પણ પુછપરછ કરવામાં આવી ચુકી છે. અન્યોની પણ પુછપરછ થઈ ચુકી છે.

કૈલાશ માનસરોવર : બીજો રૂટ નાથુલા અંતે શરૂ કરાયો

નાથુલા,તા. ૨૨

કૈલાશ માનસરોવરના યાત્રીઓ માટે આજે બીજા રુટ તરીકે ચીને નાથુલાને ખોલી દેતા શ્રદ્ધાળુઓને રાહત થઈ છે. ચીને પોતાનું વચન પાળ્યા છે. કૈલાશ માનસરોવરના યાત્રીઓને આનાથી ફાયદો થશે. ખુબ જ જટિલ ગણાતી કૈલાશ માનસરોવર યાત્રા હાથ ધરવા માટે ભારતીય શ્રદ્ધાળુઓની પ્રથમ બેચ માટે વાયા નાથુલા મારફતે તિબેટમાં પ્રવેશ કરવાની મંજુરી આપી દીધી છે. સિક્કીમમાં નાથુલા પાસને ખોલવાનો નિર્ણય ચીને પહેલાથી જ કરી લીધો હતો. ગયા મહિનામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ચીનની ઐતિહાસિક યાત્રા દરમિયાન આની સત્તાવાર જાહેરાત કરાઈ હતી. સિક્કિમ દરિયાઈ સપાટીથી ૪૦૦૦ મીટરની ઉંચાઈ સ્થિત છે. નવો રુટ પહેલાથી જ રહેલા પરંપરાગત લીપુલેખ પાસ સિવાયનો છે. લીપુલેખ પાસ અગાઉ એક માત્ર રસ્તો હતો પરંતુ ૨૦૧૩માં ઉત્તરાખંડમાં વિનાશકારી પુરના પરિણામ સ્વરુપે આ માર્ગને ભારે નુકસાન થયું હતું.

આજે ૪૪ શ્રદ્ધાળુઓ સિક્કિમમાં સરહદની ભારતીય બાજુથી ચીની વિસ્તારમાં ગયા હતા. વાર્ષિક યાત્રાની પ્રથમ બેચનું તિબેટમાં ચીની અધિકારીઓ દ્વારા શાનદાર સ્વાગત કરાયું હતું. તમામ શ્રદ્ધાળુઓ જુદી જુદી વયગ્રુપના છે. શ્રદ્ધાળુઓ ૨૫૦ લોકોની બેચના ભાગરુપે છે. નાથુલા પાસ શરૂ થતાં લોકોને ખુબ મોટી રાહત થઈ છે. બસ મારફતે પણ ભારતીય શ્રદ્ધાળુઓ જઈ શકશે. આ રસ્તો સરળ છે અને કોઈપણ સિઝનમાં આ રસ્તાને નુકસાન થશે નહીં. ચીની પ્રમુખ જિંગપિંગે ગયા વર્ષે સપ્ટેમ્બર મહિનામાં નવી દિલ્હીની ઐતિહાસિક યાત્રા દમરિયાન સૌથી પહેલા આ રુટને ખોલી નાંખવાની વાત કરી હતી ત્યારબાદ મોદીએ તેમની યાત્રા દરમિયાન આ મુદ્દો ફરી ઉઠાવ્યો હતોઅને આખરે ચીને વચન પાળ્યું છે. પહાડી મુશ્કેલીઓના અનુસંધાનમાં હવે આ બીજો રસ્તો શરૂ કરાયો છે. ઉત્તરાખંડ અને નેપાળ મારફતે જે રસ્તો છે તે ખુબ જ જટિલ છે. નાથુલા રુટથી યાત્રીઓ ૧૫૦૦ કિમી રસ્તાને બસથી પાર કરી શકશે જેમાં નાથુલાથી કૈલાશ સુધીનો સમાવેશ થાય છે. ભારતના ચીનના રાજદૂત લી યુચેંગ પણ સિક્કિમ પહોંચી ગયા હતા. છેલ્લા દશકમાં મુશ્કેલી હોવા છતાં ૮૦૦૦૦થી પણ વધુ ભારતીય શ્રદ્ધાળુઓ કૈલાશ માનસરોવર પહોંચી ચુક્યા છે.



એનડીએ ગઠબંધન સાથે છે

લાલૂ-નીતિશ ગઠબંધનને હાર આપીશું : પાસવાન

નવી દિલ્હી,તા. ૨૨

લોકજનશક્તિ પાર્ટીના પ્રમુખ રામવિલાસ પાસવાને આજે કહ્યું હતું કે, બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર અને રાષ્ટ્રીય જનતાદળના વડા લાલૂ યાદવ વચ્ચે ગઠબંધનને તોડી પાડવા તેમની પાર્ટી કોઈપણ હદ સુધી જશે. બિહારમાં વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે રાજકીય પક્ષો પોતપોતાની ગણતરીમાં લાગેલા છે. પાસવાને કહ્યું હતું કે, લાલૂ-નીતિશ એક સાથે ભેગા થયા છે પરંતુ અમે આ ગઠબંધનને નિષ્ફળ બનાવવા માટે મક્કમ છીએ. આના માટે જે કંઈ પણ શક્ય હશે તે કરીશું. એનડીએ ગઠબંધન બિલકુલ સાથે છે. ભાજપે ઉપેન્દ્ર કુશવાના રાષ્ટ્રીય લોકસમતા પાર્ટી સાથે હાથ મિલાવ્યા બાદ પાસવાનની પાર્ટીએ વાંધો ઉઠાવ્યો હતો પરંતુ હવે તેમની વચ્ચે કોઈ ખેંચતાણ નથી.

જીતનરામ માંઝીની પાર્ટી પણ ભાજપની સાથે છે. બીજી બાજુ આરજેડી, જેડીયુ અને કોંગ્રેસ એક સાથે દેખાઈ રહી છે. જેથી બિહારમાં આ વખતે ચૂંટણી ખુબ જ પડકારરુપ બનશે.